

સાબરકાંઠામાં વરસાદની ઘટ નથી, તો પછી આ ખેતરો કેમ તરસ્યાં?

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

બે દિન, તમે ખેડબ્રહ્મા અને પોશીનાના આદિવાસી વિસ્તારોનાં ગામોમાં ગયાં. આ ગામોમાં ક્યાંય નદી, નાળાં કે તળાવમાં પાણી જોયું? આ કયો મહિનો ચાલે છે? હજી તો ઑક્ટોબર પણ પૂરો થયો નથી ને અમારે અત્યારથી પાણીની મુશ્કેલી શરૂ થઈ ગઈ.'

બહેડિયા ગામના પોપટભાઈએ પૂછેલા આ સવાલમાં ફક્ત પાણીની ફરિયાદ નહોતી, પણ આખા વિસ્તારની વ્યથા છલકાતી હતી.

તાજેતરમાં સરકારે કચ્છ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગર સહિતના જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા. સાબરકાંઠા જિલ્લાને આ યાદીમાં સ્થાન ન મળ્યું. વરસાદના સરેરાશ કે જિલ્લાવાર આંકડા પરથી કદાચ આ નિર્ણય યોગ્ય લાગતો હોય, પણ ખેડબ્રહ્મા અને પોશીનાનાં અંતરિયાળ આદિવાસી ગામોમાં જઈને પરિસ્થિતિ જોઈએ તો આખા જિલ્લાનો વરસાદી આંકડો શું દરેક ગામની વાસ્તવિક સ્થિતિ દર્શાવી શકે? એ પ્રશ્ન થાય.

હું તાજેતરમાં ખેડવા, બહેડિયા, ક્રોઈ સહિત આ વિસ્તારનાં આઠ ગામોમાં ફરી. લોકો સાથે વાત કરી, ખેતરો જોયાં, તળાવો જોયાં અને પાણી માટેની તેમની તકલીફ સમજી. દરેક ગામમાં 'તમારે શું જોઈએ?' એ પ્રશ્નનો એક જ જવાબ મળ્યો, 'અમને પાણી આપો.'

આ વિસ્તારના ખેડૂતો માટે વરસાદનું આગમન આશા લઈને આવે. વરસાદ પડે એટલે ખેતરમાં પાક વાવે. પણ આ વખતે શરૂઆતનો વરસાદ પડ્યા પછી બીજો કે ત્રીજો સારો વરસાદ ન થતાં ખેતરોની સ્થિતિ કથળી. ઊભો પાક પાણી વિના બળવા લાગ્યો. એક ભાઈએ પોતાના ખેતરમાં ઊભા રહીને મકાઈના ડોડા બતાવતાં કહ્યું, 'બેન, આ મકાઈના ડોડા જુઓ. આટલી મકાઈમાંથી અમારું આખું વર્ષ નીકળી શકશે? તમે જ કહો!'

એમની વાતનો જવાબ મારી પાસે નહોતો. જે બહેન મકાઈના ડોડા સાફ કરતી હતી, તેની પાસે માંડ એકાદ મહિનો ચાલે એટલી મકાઈ હતી. પાછું આમાંથી બિયારણ પણ કાઢવાનું ને પરિવારો તો પાછા મોટા.

આ વિસ્તારના ખેડૂતો ચોમાસુ અને શિયાળુ એમ બે પાક લઈ શકે તો જ તેમનું જીવન થોડું સ્થિર રહે. શિયાળુ પાક માટે પણ કૂવામાં પાણી હોવું જરૂરી. તળાવ ભરાય તો જમીનમાં પાણી ઊતરે, કૂવામાં પાણી આવે અને પછી ખેડૂત પિયત કરી શકે. અગાઉ ઘઉંના પાકને એકાદ-બે પિયત ઓછાં મળે તો પણ જેમતેમ પાક લઈ લેતા. આ વખતે તો કૂવા અને તળાવ બંને ખાલી પડ્યાં છે. આવામાં શિયાળુ પાકની આશા રાખવી એમ જ નથી.

આ વિસ્તારના આદિવાસી પરિવારો પાસે જમીન બહુ ઓછી છે. પોતાની જમીનમાંથી મળતી ઉપજથી આખું વર્ષ ચાલવું મુશ્કેલ. સામાન્ય રીતે ચોમાસુ અને શિયાળુ પાક લઈ લીધા પછી જાન્યુઆરી-ફેબ્રુઆરીથી જૂન સુધી તેઓ રોજગારીની શોધમાં અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરે. પણ આ વખતે પાક નિષ્ફળ જવાના કારણે સ્થળાંતરનું ચક્ર વહેલું શરૂ થયું. કેટલાક પરિવારો તો અત્યારથી જ ઘરનો સામાન બાંધીને રોજગારી મળી શકે તેવા વિસ્તારો તરફ જતા પણ રહ્યા, તો કેટલાક પરિવારો રોજ સવારે છ કે સાડા છ વાગ્યે ખેડબ્રહ્મા, ઈડર કે હિંમતનગર તરફ મજૂરી માટે નીકળી પડે ને આખો દિવસ કામ કરીને છેક સાંજે પાંચ-છ વાગ્યે પાછા ઘર તરફ આવવા નીકળે અને રાત્રે દસ વાગ્યે પોતાના ઘરે પહોંચે. જાણે ઘરે ફક્ત સૂવા માટે આવતા હોય એવું લાગે. પરિવાર સાથે જેઓ સ્થળાંતર કરે તેમના બાળકોની તો નિશાળ છૂટી જાય. હું આઠ ગામોમાં ફરી, પણ એક પણ ગામના વ્યક્તિએ ગાડી, બંગલો કે કોઈ મોટી સુવિધાની માગણી ન કરી. દરેકે દરેક વ્યક્તિએ બસ 'પાણી આપો'ની વાત કરી.

કેટલાક ગામોમાં તળાવો હતાં, પણ તેમની ઊંડાઈ પૂરતી નહોતી એટલે પાણીનો સંગ્રહ થઈ શકે તેવી ક્ષમતા ન હતી. વરસાદનું પાણી વહી જાય અને પછી આખું ગામ પાણી માટે વલખાં મારે. આ તળાવોની ઊંડાઈ અને સંગ્રહક્ષમતા વધારવાની જરૂરિયાત સ્પષ્ટ દેખાતી હતી. તળાવોમાં એવી વ્યવસ્થા થાય કે એક વર્ષ વરસાદ ન પડે કે દુષ્કાળનું વર્ષ હોય તો પણ લોકો નભી શકે, એ રીતે જળાશયોનું કામ થાય એ જરૂરી. ખેડવા ગામની જમીન પર ડેમ બાંધવામાં આવ્યો. આ ડેમનું પાણી મેદાની વિસ્તારોમાં પહોંચે, અનેક ગામોનાં તળાવો પણ આ પાણીથી ભરાય. પરંતુ જે ગામની જમીન પર ડેમ બાંધવામાં આવ્યો, એ ખેડવા ગામની શાળામાં બાળકોને પીવાનું પાણી મળતું નથી! ગામનાં પોતાનાં તળાવોમાં પણ ડેમનું પાણી મળતું નથી. આ બધું જોઈને 'આ કેવી વ્યવસ્થા?' એ પ્રશ્ન થયો. આ બધી વાત કરતાં કરતાં ગામના એક કાકા રડી પડ્યા. એમની આંખમાં આંસુ હતાં અને મનમાં વર્ષોથી એકઠી થયેલી વેદના. જે લોકોની જમીન પર પાણીનો વિશાળ સ્રોત ઊભો થયો, એ જ લોકોનાં બાળકોને શાળામાં પીવાનું પાણી ન મળે, આ કેવી વિચિત્રતા! જોકે, આ વિસ્તારની અનેક શાળાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા ન હોવાનું પણ જોવા મળ્યું. એક શાળાના આચાર્ય બાળકોને પીવડાવવા માટે બહારથી પોતાની ગાડીમાં પાણી ભરીને લાવે. આચાર્યની આ ભાવનાને સલામ કરવી પડે. પણ સવાલ એ છે કે બાળકોને પીવાનું પાણી પૂરું પાડવાની જવાબદારી એક શિક્ષકની વ્યક્તિગત સંવેદના અને ખિસ્સા પર છોડી શકાય? આ વ્યવસ્થા સરકારની જવાબદારીના ભાગરૂપે થવી જોઈએ. રાજસ્થાનના પાણીની મુશ્કેલી ધરાવતા વિસ્તારોમાં શાળાઓમાં વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ ટાંકાઓ બનાવવાની વ્યવસ્થા જોવા મળે. આપણા આદિવાસી વિસ્તારોમાં અને જ્યાં પાણીની આ પ્રકારે અછત હોય તેવાં ગામોની શાળાઓમાં આવી વ્યવસ્થા ફરજિયાતપણે ઊભી કરવાનું આયોજન કરવું જોઈએ. દરેક શાળામાં વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે તેવા ભૂગર્ભ ટાંકા બનાવવામાં આવે તો બાળકોને પીવાનું પાણી મળી શકે. સાથે ગામનાં તળાવોને ઊંડાં કરવા, ચેકડેમ અને નાના જળસંગ્રહ માળખાંનું સમારકામ કરવા તથા વરસાદી પાણીને જમીનમાં ઉતારવાની વ્યવસ્થાને પ્રાથમિકતા આપવી જોઈએ. આ વિસ્તારનાં ગામોનો તાત્કાલિક ફિઝિબિલિટી સર્વે કરાવવાની પણ જરૂર છે. જિલ્લાની સરેરાશ વરસાદી સ્થિતિને આધાર ન બનાવતાં ગામવાર વરસાદ, તળાવોમાં પાણીનો જથ્થો, કૂવાના જળસ્તર, પાકની સ્થિતિ અને રોજગારી માટે થઈ રહેલા સ્થળાંતરનું મૂલ્યાંકન થવું જોઈએ. જે ગામો ખરેખર દુષ્કાળ જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં હોય તેમને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી રાહત આપવાનું યોગ્ય રહેશે.

સાબરકાંઠાના ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાનાં આદિવાસી ગામોમાં પાણીની કટોકટી, બળતો પાક અને દિવાળી પહેલાં જ શરૂ થયેલું સ્થળાંતર જોઈને તેમને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા વિચારવું જોઈએ

ખેડૂતોને પાકની સ્થિતિ મુજબ સહાય, પશુઓ માટે ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા, રોજગારીની સ્થાનિક તકો તથા પાણીના સંગ્રહ માટેનાં કામો તાત્કાલિક હાથ ધરવા જોઈએ. આદિવાસી પરિવારો પણ આ દેશના નાગરિકો છે. તેમને પણ પાણી, શિક્ષણ, રોજગારી અને સન્માનપૂર્વક જીવવાનો એટલો જ અધિકાર છે, જેટલો દેશના અન્ય નાગરિકોને. આ લોકો સરકારને માઈબાપ કહે. સરકાર તેમની વેદના સાંભળે, તેમની મુશ્કેલી સમજે અને જરૂર પડે ત્યાં તાત્કાલિક નિર્ણય લે, એવી તેમની અપેક્ષા છે.

નવેમ્બર ૨૦૨૬- ધનતેરસના દિવસે ખરીદીની માન્યતાઓ

ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

તમે જોયું હશે કે ફ્રિજ, એસી, ટીવી, મોબાઈલ અને વાહનોની કંપનીઓ દિવાળીની ખરીદી માટે લોકો સમક્ષ ખાસ ડિસ્કાઉન્ટ જાહેર કરે છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં ધનતેરસના દિવસે ખાસ કરીને ગાડીઓની ખરીદી થાય છે. બે પૈડાંથી માંડીને ચાર પૈડાંવાળાં વાહનોની ખરીદી વિશેષ થાય છે. કારણ કે લોકોની ખરીદશક્તિ વધી છે. ગુજરાતના લોકો આર્થિક રીતે સમૃદ્ધ ગણાય છે એટલે ધનતેરસના દિવસે વાહન કંપનીઓ ખાસ છૂટ પણ આપે છે. આમેય ધનતેરસ નવી વસ્તુ ખરીદવા માટે શુભ મનાય છે. ગાડીઓની બોલબાલા નહોતી ત્યારે લોકો સોના તેમજ ચાંદીનાં ઘરેણાં ખરીદતા. આ પરંપરા હજુ પણ ચાલુ છે. આજના સમયમાં મકાન, જમીન, સોનું અને વાહનો સંપત્તિનો જ પ્રકાર ગણાય છે.

પણ જ્યારે આ બધું નહોતું ત્યારે શું હશે? ભારતના લોકો ધનતેરસના દિવસે મીઠું ખરીદતા. નવાઈ લાગે છે, ને? મીઠું આમ સાવ સામાન્ય ચીજ છે. પણ ભારતમાં મીઠું માત્ર એક ખાદ્યપદાર્થ નથી, તેને ભાવનાત્મક રીતે પણ જોવામાં આવે છે. કારણ કે મીઠા સાથે કેટલીક માન્યતાઓ જોડાયેલી છે. રાતના સમયે પોતાના ઘરનું મીઠું બીજાને આપવામાં આવતું નથી. તેમજ કોઈ વ્યક્તિમાં અક્કલ ઓછી હોય તો તેનામાં મીઠું નથી એવું પણ કહેવાય છે. લગ્ન સમયે જ્યારે નવવધૂનો ઘરમાં પ્રવેશ થાય છે ત્યારે અગ્નિ અને મીઠાની કુલડી ભાંગીને કન્યા ઘરમાં પ્રવેશ કરે છે. તેમજ અમુક જ્ઞાતિઓમાં કન્યાનાં પોંખણાં મીઠાથી કરવાની પરંપરા પણ છે. એટલે ભારતના સમાજજીવન સાથે મીઠું અભિન્ન રીતે જોડાયેલું છે. એટલે જ ધનતેરસના દિવસે મીઠું ખરીદવાની પરંપરા છે. જ્યારે મીઠું આજની જેમ પાવડર સ્વરૂપે નહોતું અને તે દુકાનોમાં વેચાતું નહોતું ત્યારે દરેક ઘરમાં વર્ષભર ચાલે એટલું મીઠું ભરી લેવામાં આવતું. એટલે જ આજે પણ અમુક વિસ્તારોમાં વહેલી સવારે કેટલાક લોકો આખું મીઠું, જે દળાયેલા સ્વરૂપમાં નથી હોતું, તે વેચવા નીકળે છે. તેને 'સકન' કહેવામાં આવે છે.



જેમ મીઠું ભોજનમાં સ્વાદ લાવે છે તેમ તે જીવનમાં સુખ, શાંતિ અને આનંદ પણ લાવે છે

ધનતેરસ પર મીઠું ખરીદવાની પરંપરા ભારતમાં સદીઓથી ચાલી આવે છે. ધાર્મિક અને જ્યોતિષીય દૃષ્ટિકોણથી ધનતેરસના દિવસે ખરીદાયેલું મીઠું જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. મીઠું શુદ્ધતા અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે મીઠું ખરીદવાથી ઘરમાં ધન વધે છે અને ગરીબી દૂર થાય છે. કહેવાય છે કે જેમ મીઠું ભોજનમાં સ્વાદ લાવે છે તેમ તે જીવનમાં સુખ, શાંતિ અને આનંદ પણ લાવે છે. કેટલાક લોકો મીઠાને ભગવાન ધન્વંતરિ સાથે જોડે છે. જ્યોતિષની દૃષ્ટિએ મીઠાને શનિ ગ્રહના પ્રભાવ સાથે સંબંધિત માનવામાં આવે છે અને આ દિવસે મીઠું ખરીદવાથી શનિના અશુભ પ્રભાવથી રાહત મળે છે એવી માન્યતા છે. આ સિવાય મીઠાથી રાહુ અને કેતુની અસર પણ ઓછી કરી શકાય છે, જેનાથી જીવનમાં આવતી મુશ્કેલીઓ ઓછી થાય છે. સફેદ મીઠું પવિત્રતાનું પ્રતીક છે. ધનતેરસ પર ખરીદી કરવાનો શ્રેષ્ઠ સમય સૂર્યાસ્ત પછીનો કહેવાય છે. આ દિવસે પરિવારના સભ્યો સાથે મીઠું ખરીદીને ઘરે લાવવું વધુ શુભ માનવામાં આવે છે.

ધનતેરસના દિવસે લોકો સોના, ચાંદી, વાસણો, ગાડીઓ તથા અન્ય મોંઘી વસ્તુઓની ખરીદી કરે છે. આ સિવાય અનેક સસ્તી વસ્તુઓ છે, જેની ધનતેરસના દિવસે ખરીદી થાય છે. ધનતેરસના દિવસે સાવરણી ખરીદવી શુભ માનવામાં આવે છે. સાવરણીનો લક્ષ્મીજી સાથે સંબંધ રહેલો છે. અમુક વિસ્તારોમાં આ દિવસે ખરીદેલી સાવરણીની ચોખા અને ફૂલથી પૂજા કરવામાં આવે તો લક્ષ્મી માતા પ્રસન્ન થાય છે અને ઘરમાં ધનની કમી થતી નથી એવી માન્યતા છે. ઉપરાંત ધનતેરસે ધાણાનાં બીજ ખરીદવાં પણ શુભ માનવામાં આવે છે. કેટલાક લોકો પોતાના ઘરના કૂંડામાં ધાણાનાં બી વાવે છે. ભારતના કેટલાક વિસ્તારોમાં ધનતેરસના દિવસે વાસણો ખરીદવાં શુભ માનવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર, આસો માસના કૃષ્ણ પક્ષની તેરસે સમુદ્રમંથનમાંથી ભગવાન ધન્વંતરિ ધનથી ભરેલા કળશ સાથે પ્રગટ થયા હતા. ભગવાન ધન્વંતરિના હાથમાં પિત્તળનો કળશ હતો. આ કારણોસર આ દિવસે પિત્તળનાં વાસણો ખરીદવાની પરંપરા છે. એવું પણ કહેવાય છે કે આ દિવસે સ્ટીલ, કાચ અને પ્લાસ્ટિકનાં વાસણો ખરીદવાથી ઘરમાં અશાંતિ આવે છે. જે હોય તે, ધનતેરસના દિવસે જુદી જુદી વસ્તુઓની ધૂમધામથી ખરીદી થાય છે. માન્યતાઓ કોઈ પણ હોય, ખરીદી માટે ધનતેરસને લોકો શુભ માને છે. તેમ છતાં એવું નથી કે ધનતેરસના દિવસે ખરીદેલી વસ્તુઓ હંમેશાં શાંતિ જ આપે.